પોતાની જાતને તૂચ્છ ગણવી એ મહાપાપ છે
- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૮ | ૭ જુલાઇ ૨૦૧૨, શનિવાર, અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સેક્ટર-૬ની ઝૂંપડપટ્ટીમાં ઝાડા ઉલ્ટીના ૧ ૨ કેસ

## ૬ને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરાયા, અસરગ્રસ્તોમાં ૩ મહિલા, એક બાળકનો પણ સમાવેશ, બગીચામાંથી પાણી વાપરતા હતા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના નવ વિકસીત સેક્ટર-૬ની ઝૂંપડપટ્ટીમાંથી ઝાડા ઉલ્ટીના ૧ ૨ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે અને સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે ઝાડા ઉલ્ટીના નોંધાયેલા ૧ ૨ કેસ પૈકી છ કેસ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ઈન્ડોર દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૩ મહિલા, બે પુરૂષ અને એક બાળકનો સમાવેશ થાય છે.

ઝૂંપડપટ્ટીમાં રહેતા આ પરિવારો પંચમહાલ જિલ્લામાંથી અહીં રોજગારી માટે આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે મળી આવેલા દર્દીઓની સ્થિતિ સુધારા પર છે અને સર્વેલન્સ દરમિયાન મળી આવેલા દર્દીઓને સારવાર પણ આપવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં ગત વર્ષે કમળાના કેસો પણ સે-૬માં નોંધાયા હતા. આ બાબતને ધ્યાને રાખી આજે તંત્રએ પાણીના નમુના મેળવી અને તે તપાસણી માટે વાસ્મોને મોકલી આપ્યા છે.

જે દર્દીઓ નોંધાયા છે તેમના સ્ટૂલનું પરીક્ષણ પણ કરવાનો નિર્ણય તંત્ર વાહકોએ કર્યો હોવાનું જાણવા મળેલ છે અને તે નમુના મેળવીને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મચ્છરો માટે ફેવરેબલ વાદળિયું વાતાવરણ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં વરસાદી વાયરા સાથે મેલેરીયાના રોગચાળાએ માથુ ઉંચકતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્ર સહિત આમ નાગરીકોએ પણ જાગૃત થવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં સ્થિત વિવિધ બાંધકામ સાઈટો ઉપરાંત સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોને ઉગતા ડામવા મેલેરીયા તંત્ર કામે લાગ્યું છે. એકબાજુ મેલેરીયાના રોગચાળાનું જોર વધી રહ્યું છે ત્યારે મચ્છરજન્ય રોગચાળાને લઈને આરોગ્યતંત્રની ચિંતા બેવડાઈ છે. ચોમાસાના વિધિવત પ્રારંભ બાદ સતત આકાશમાં ગોરંભાયેલા રહેતા વાદળોના લીધે સર્જાતા 'ક્લાઉડી' મૌસમના લીધે વાતાવરણમાં ભેજનું પ્રમાણ નોંધપાત્ર બન્યું છે જ્યારે મચ્છરો માટે વાદળિયુ વાતાવરણ ફેવરેબલ હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધે તેવી સંભાવના છે.

## મોડી રાત્રે સે. ૨ ૨માં આખલો તોફાને ચડ્યો : સાતને ઈજા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૨માં પોલીસ ચોકી પાછળના વિસ્તારમાં એક આખલો તોફાને ચડતાં સાત વ્યક્તીઓને ઈજા પહોંચાડ્યાનું જાણવા મળેલ છે.

મોડી રાત્રે બનેલી આ ઘટનામાં તોફાને ચડેલા આ આખલાને પકડવા માટે ફાયર બ્રિગેડની ટીમ તેમજ કેટલાક પશુપાલકો ઘટના સ્થળે દોડી ગયા છે. જો કે આ લખાઈ રહ્યુ છે ત્યારે આ વિસ્તારના કાઉન્સીલરો પણ ઘટના સ્થળે દોડી ગયા છે અને કોર્પોરેશનના અધિકારીઓ પણ પહોંચ્યા છે. મળેલા છેલ્લા અહેવાલો પ્રમાણે આખલાને કાબુમાં લેવા માટે ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત કરી હતી.



વ્રતો-ઉત્સવોની સિઝનમાં સૌથી વધુ લોકપ્રિય જયા પાર્વતીનું વ્રત છે. મનોવાંચ્છિત પતિ મેળવવા અને સંતાન સુખ માટે કરવામાં આવતુ જયા પાર્વતીનું વ્રત ગુરૂવારે કિશોરીઓ-યુવતિઓ વ્રત પૂર્ણ કરી સવારે મંદિરોમાં જઈ યુવતિઓ પુજાપાઠ કર્યા હતા જયા પાર્વતી વ્રતનું જાગરણ આખી રાત કરવાનું હોવાથી હરવા-ફરવાના સ્થળો બાગ-બગીચાઓમાં કિશોરી-યુવતીઓ ઉમટી પડ્યા હતા. જાગરણ નિમિત્તે ભાઈઓએ બહેનોના જાગરણમાં સાથ આપી મોજ મસ્તી કરી હતી. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર જિલ્લાની પાક-પેટર્નમાં નોંધાતા ફેરફારો

### એકલા કપાસના પાકનું જ ૩૧ હજાર હેક્ટરમાં વાવેતર થઈ ગયું : જિલ્લામાં ૪૦ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર નોંધાયું છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો દ્વારા ખરીફ ઋતુના વાવેતરમાં ભારેખમ બદલાવ લાવી અને રોકડિયા પાક તરફ વળ્યા છે. પાક-પેટર્નનો આ બદલાવ વરસાદની બદલાતી જતી પેટર્નને લઈ આવ્યો હોવાનું કહેવાય છે.

જિલ્લામાં આ સીઝનમાં અત્યાર સુધીમાં ૪૦ હજાર હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થઈ ચુક્યું છે. જિલ્લામાં આ સીઝન દરમ્યાન એક લાખ ૫૩ હજાર હેક્ટર વિસ્તારમાં વાવણી થશે તેવા અંદાજ સાથેનું પાક આયોજન તૈયાર કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે ૭-૭-૨૦૧૧ સુધીમાં થયેલા વાવેતર કરતાં ૭-૭-૧૨ સુધીમાં થયેલા વાવેતર વિસ્તારમાં પણ ૧૦ ટકાથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે તેમજ આ સિઝનમાં સૌથી વધુ વાવેતર કપાસનું નોંધાયું છે અને હજુ પણ આ પાકનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૨ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર થશે તેવા અંદાજો હતા પરંતુ અત્યાર સુધીમાં જ ૩૧ હજાર હેક્ટર જેટલા

● અનુસંધાન પાન-૭ પર

UPTO 50% DISCOUNT
WELCOME TO OUR DESIGNER STUDIO AT PRAHLADNAGAR
KALPANA'S

વેચવાની છે.
i20 મેગ્ના | 1.2 સિલ્વર | મોડલ 2011 | 1300 કિ.મી.
Contact : 9825074403, 9825007467

MBA ADMISSIONS-2012
EMPOWER YOUR CAREER WITH
POWER OF FIVE
5
1 Renowned Faculties
2 Modern Campus
3 Excellent Placement
4 Best Location
5 Superior Results
SABAR
Institute of Management
(Approved by AICTE,Affiliated to GTU)
INTERNATIONAL ACCREDITATION ORGANIZATION(USA)
IAO



SPECIAL SCHOLARSHIP FOR MERITORIOUS STUDENTS....
WHY MBA @ SABAR?
INFRASTRUCTURE AND FACILITIES
• Fully Equipped Campus & Infrastructure
• Well stocked Library With 10000 Books and 2500 online international and national journals
• Well Equipped Language LAB
• Transport Facilities Available from Ahmedabad & Gandhinagar
Special REFINISHING PROGRAM FOR MBA Aspirants......Commencing From 5th July................ For More Information Contact Today....
HIGHEST PACKAGE OFFERED:6.LACS/P.A



SPECIALIZATIONS:
Marketing
Human Resource
Information Technology
Finance
100 %PLACEMENT FOR 2012: List of Top Recruiters of 2012
• VODAFONE INDIA LTD.:
• ICICI SECURITIES:
• RELIANCE RETAIL INDUSTRIES LTD.:
• AXIS BANK:
• DIVINE FINANCE CAPITAL:
• ANGEL BROKING:
• SNL FINANCE
• MEHTA CADE CAM:
• IIHT:
• OXFAM INDIA:
• AARTISSAN ACADEMY:
For More Information Visit Campus Today..
Contact:9377080920,9998957597,9033001861
At.Po.Tajpur,N.H.8 Ahmedabad–Himmatnagar Highway
Email:Info@sabareducation.org Website:www.sabareducation.org